# લોકગીતોમાં સંગીતનું સ્થાન

પ્રા.સમ્યક રમેશચંદ્ર પારેખ
એમ.એ.પરીખ ફાઈન આર્ટસ એન્ડ આર્ટસ કોલેજ,પાલનપુર

લોક સાહિત્ય એ સાહિત્યનો વિશિષ્ટ પ્રકાર છે.વર્ષોથી લોક મુખે રજુ થતી આવેલી કથાઓ ,ગીતો કે અન્ય સાહિત્ય કે જે મૌખિક પરંપરાથી જનતા માં પ્રચલિત છે,તેણે લોક સાહિત્ય કહી શકાય.સાહિત્ય ના બે પ્રકાર છે. ૧. કંઠ્ય સાહિત્ય અને શિષ્ટ સાહિત્ય.

આ બંને સાહિત્યમાં લોક સાહિત્ય વધુ પ્રચલિત છે.માનવી સમુહ માં અને સમાજ માં રહેતો થયો અને તેનો વ્યવહાર ભાષામાં ચાલતો થયો ત્યારથી લોક સાહિત્ય અસ્તિત્વ માં આવ્યું છે. ઘણું પ્રાચીન લોક સાહિત્ય નષ્ટ થઇ ગયું છે.તેમ છતાં કેટલુંક લોક સાહિત્ય લોકોના કંઠ માં આજ સુધી જળવાઈ રહ્યું છે.

સેંકડો વર્ષોથી આ સાહિત્ય લોક કંઠે ખાસ કરીને ગ્રામ જનોના કંઠે જળવાઈ રહે છે.ગ્રામવાસી કુષકો,પશુ પાલકો અને શ્રમિકોના લોક સાહિત્ય નો બહોળો પ્રસાર થયેલો છે.તેમના જીવન ની પ્રત્યેક અવસ્થા સાથે લોક સાહિત્ય એક ય બીજા રૂપમાં સકાલાયેલું જોવા મળે છે. લોક જીવન સાથે કે જાણે તે વણાઈ ગયું છે. [૧]

સમગ્ર ભારતમાં અને અન્ય દેશોમાં આ પ્રકાર નું લોક સાહિત્ય જોવા મળે છે.પરંતુ સેંકડો વર્ષો થી જીવંત અને પ્રચલિત એવા કંઠ્ય સાહિત્ય નું મધ્યકાળમાં કોઈ વિધાનો દ્વારા સંપાદન થયું હોય ,ગ્રંથરૂપે તેનું પ્રકાશન થયું હોય,તેવું જોવા મળતું નથી."તેના સંપાદનની અને પુસ્તક રૂપમાં પ્રકાશનની પ્રવુત્તિ અર્વાચીન કાળમાં શરુ થઇ છે."

અંગ્રેજી ભાષામાં લોક વિદ્યા માટે folklore શબ્દ નો ઉપયોગ સામાન્ય રીતે કરવામાં આવે છે. આ શબ્દ ઈંગ્લેન્ડ ના જ એક વિદ્વાન વિલિયન જ્હોન થામ્સે ઈ.સ. ૧૯૪૬ માં folklore શબ્દ પ્રચલિત કર્યો હતો.આ શબ્દ યુરોપ,જર્મન,ફ્રાન્સ વગેરે ભાષાઓમાં પણ કંઠસ્થ સાહિત્ય માટે યોજાવવા લાગ્યો.[૨] આ શબ્દ નો વાચ્યાર્થ "લોકજ્ઞાન"થાય છે. પરંતુ પાછળથી તે લોક કથા માટે પ્રચલિત થયો.ડૉ.વાર્ડર ના મતે " "folk"એટલે સભ્યતા થી દુર રહેનાર કોઈ જાતિનો બોધ."lore"શબ્દ "lar"માંથી નીકળ્યો છે.એનો અર્થ શીખવું એવો થાય છે.આ રીતે જોઈએ તો "folk lore "નો અર્થ "અસંસ્કૃત લોકોનું જ્ઞાન "એવો થાય છે."[૩] બીજી રીતે જોઈએ તો આ શબ્દ નો અર્થ ઘણો વ્યાપક છે."folk"એટલે "લોકો" અને "lore " એટલે " વિદ્યા"."folk lore " એટલે લોકોમાં પરંપરા દ્વારા ઉતારી આવેલી તમામ બાબતો.તેમાં લોકોની કળા કારીગરી ,વસ્ત્ર ભૂષણ, ભોજન ની વિવિધ વાનગીઓ, ઘર અને આંગણા ની સજાવટ,વનસ્પતિ માંથી પ્રાપ્ત થતી દવાઓ,લોકોની ધાર્મિક માન્યતાઓ અને વિધિ વિધાન,શુકન ,અપશુકન અંગેના ખ્યાલો ,દેવ દેવી ,ભૂત પ્રેત વગેરે વિશેની માન્યતાઓ ,દંતકથાઓ,ટુંચકા, કહેવતો, લોક ગીતો આ બધું જ આવી જાય છે."[૪] તેથી અંગ્રેજ વિવેચકો એ કેવળ પરંપરાગત કંઠ્ય સાહિત્ય માટે એક નવો શબ્દ ઘડયો- "folk literature" આ શબ્દ અંગ્રેજીમાં સુપ્રતિષ્ઠિત થયો અને વ્યાપક રૂપમાં તેનો પ્રચાર-પ્રસાર થયો.જોકે અહી આપણે એક બાબત નોંધવી જોઈએ કે – કંઠસ્થ સાહિત્યને ગ્રંથ રૂપે પ્રકાશિત કરવાની પ્રવુત્તિ આરંભાઈ તે પછી તેણે શું નામ આપવું તે પ્રશ્ન ઉભો થયો,ઈંગ્લેન્ડ માં પૂર્વે કંઠસ્થ સાહિત્ય માટે "popular antiquity" શબ્દ પ્રયોગ થયો હતો.તેમાં લોક કંઠે જળવાયેલ પ્રાચીન કિસ્સા,ગીતો,રાસડા વગેરેનો સમાવેશ થયો હતો.પરંતુ આ શબ્દ પ્રયોગ લાંબો અને કઠીન હોવા ઉપરાંત સંદિગ્ધ અર્થ ધરાવતો હોવાથી પણ પ્રચારમાંથી નીકળી ગયો અને એની જગ્યા પર " folk lore " શબ્દ પ્રયોજવા લાગ્યો.

લોક સાહિત્ય સેંકડો વર્ષોથી લોકોના કંઠ માં જળવાઈ રહ્યું છે. અને મૌખિક પરંપરા દ્વારા ચૌતરફ ફેલાયેલું છે. તે હંમેશા બોલાતી જીવંત લોક બોલીમાં જ હોય છે.લોક ગીત ગાનાર કે લોક વાર્તા કહેનાર તેની પોતાની બોલીમાં તેને રજુ કરે છે.તેથી એક જ લોકગેત કે લોક વાર્તાના એક કરતા વધુ અથવા ભિન્ન ભિન્ન પાઠાંતરો જોવા મળે છે.સામાન્યતઃ ગ્રામવાસી કૃષકો,શ્રમિકો,પશુ પાલકો આદિ

સામાન્ય જનોની મનોદશાનું અને અવસ્થાઓનું તેમાં આવું આગવું નિરૂપણ હોય છે.અને આવું કંઠસ્થ સાહિત્ય લોકોને આનંદ આપે છે.અને કેટલીક વાર પરોક્ષ રૂપે કંઈક બોધ કે શિખામણ પણ આપે છે.એથી લોક જીવન માં એનું મહત્વ છે.

લોકનું જીવન લોક સાહિત્યમાં પ્રતિબિંબિત થાય છે.તેમાં,માનવ મન ના વિવિધ ભાવો અભિવ્યક્તિ પામે છે.જીવનના સુખ દુઃખ તેમાં રજુ થાય છે.તેથી લોક સાહિત્ય લોકોને આત્મીય લાગે છે.લોકો તેણે હૈયામાં તથા કંઠમાં જાળવે છે.ખાસ કરીને લોકો ભાલે નિરક્ષર હોય,ધાને ભાગે ગામડામાં વસતા હોય અને જ્યાં મનોરંજન ના સાધનો ઉપલબ્ધ ન હોય, ત્યાં કંઠસ્થ લોક સાહિત્ય વ્યાપક રૂપમાં પ્રચલિત હોય છે.તેથી તો આપણા ગામડાઓમાં કૃષકો,પશુપાલકો અને શ્રમિકોમાં લોક સાહિત્યનો વ્યાપક પ્રચાર છે.તેમાં પણ ગ્રામવાસી સ્ત્રીઓના કંઠમાં ઘણું લોક સાહિત્ય –હાલરડાં,લગ્ન ગીતો,રાસ-ગરબા,ગરબી,વ્રત ગીતો,રાજિયા ,ભજનો,દોહા-સોરઠા વગેરે રૂપે જળવાયું છે.સ્ત્રીઓનો મોટો ભાગ નિરક્ષર હતો તેથી તેમણે સાંભળેલ અને તેમને ગમેલા લોકગીતો ,લોક વાર્તાઓ વગેરેને તેઓ કંઠસ્થ કરી લે છે.તે રીતે પેઢી દર પેઢી હાલરડાં,લગ્ન ગીતો,રાસ-ગરબા,ગરબી ,વ્રત ગીતો,રાજિયા-મરસીયા વગેરે ઉતારી આવ્યા છે.પ્રસાર પામ્યા છે અને જીવંત રહ્યા છે.દુહા અને સોરઠા,પાડો,ભજનો,લોક વાર્તાઓ અને દાંત કથાઓ મોટા ભાગે પુરુષો દ્વારા જળવાયા છે.બહારવટિયા વિશેની લોક કથાઓ તેમજ પ્રેમીજનો વિશેની દુહાબદ્ધ લોક કથાઓ મૂળમાં ચારણો ,બારોટો અથવા ભાટ લોકો દ્વારા રચાઈ હોય તે બનવા જોગ છે.પરંતુ લોકો દ્વારા અપનાવી હોવાથી આ કથામાં ઘણા પરિવર્તનો થયા છે.પરિણામે આ કથાઓમાં વ્યક્તિ વિશેષ નું સ્વરૂપ બદલાઈ જાય છે અને લોક સમૂહ નું સર્જન બની ગઈ છે.અને લોક કંઠે આજ સુધી ટકી રહ્યું છે.

લોક ગીતોની વાત કરીએ તો રણજીત રામ મહેતા કહે છે કે " લોકગીતોનો ઉષઃકાળ એ સાહિત્યનુ ઉષઃકાળ છે.વસ્તુત: સાહિત્ય નો ઉદભવ લોક સાહિત્ય માંથી થયો છે ને ગીતનો ઉદભવ લોકગીતોમાંથી થયો છે.સુરેશ દલાલ પણ કહે છે કે ગીતનું ગંગોત્રી સ્થાન લોકગીત છે.લોકગીતમાં કાવ્ય સૌષ્ઠવ ઓછુ હોય છે.પણ એના ભાવ હોય છે.સ્વાભાવિક અને માર્મિક એ ત્રણેય વિધાનો વિશે વિચારતા એમ કહેવાનું મન થાય કે જેને આપણે ગીત કાવ્ય કહીએ છીએ એના મુળિયા લોકગીતમાં પડ્યા છે. ૫

"આદિકાળ થી લોકજીવનની સરળ અને ઊર્મિલ અભિવ્યક્તિ ગીત રૂપે જ થઇ હશે.એ સંવેદન ને લોકોના પારિવારિક અને વૈયક્તિક જીચ્વન સાથે નાતો હોય છે.ગીત ,લોકગીતના સંસ્કારપિંડ લઈને જ ગમે તે ભાષા જન્મે એ ઘટના તર્ક સમજી શકાય એવો છે."રણજીત રામ કહે છે કે શિક્ષણ વિમુખ સ્ત્રી પુરુષો પોતાના હૃદયમાં વસતા ભાવો સંગીત દ્વારા પ્રગટ કરે છે.આવી નિર્દોષ ગમ્મતતા તેઓ પોતાના સંજોગો પોતાની તવારીખ ,પોતાની ખાસિયતો વગેરે ની રૂપરેખાઓ આલેખે છે.આ નિર્દોષ ગમ્મતતા માંથી ઉત્પન્ન થયેલું સાહિત્ય કે દેશ જ સાહિત્ય કહી શકીએ.તેના ઘણા ભેદ પ્રભેદના છે. લોકગીત,લોકકથા,જનવાર્તા, કહેવતો, ઉખાણા વગેરે ભેદ પ્રભેદના અભિધાન છે.આજનું ગીત એ ગઈકાલનું લોકગેતનું નવું રૂપ છે.લોકગીત અભિજાત ગીતના પાયામાં રહેલું જીવંત રસાયણ છે.રમેશ પારેખ કહે છે કે "લોક ગીત અને અભિજાત ગીત ભિન્ન નથી,ગઈકાલનું સ્વરૂપ રૂપાંતર પામ્યું છે એમ કહી શકાય.લોકગીતમાં લય,લોકભાષા,લોક જીવનની સામગ્રી ગીત કવિતા નથી પણ ગીતમાં એનું ભરચક ,સંવેધ રૂપ પ્રગતિ શકે છે.અભિજાત લોકગીતનું સંસ્કરણ છે."

ગીતમાં એક ઊર્મિ ,ભાવ સંવેદનનું કલાત્મક આલેખન હોય છે.કોમળ સંવેદનની નિરૂપણ રીત પણ વિશિષ્ટ છે.લાઘવ એનું એક મહત્વનું લક્ષણ છે.ઊર્મિની જેમ વિચાર – ચિંતન રસાઈને આવે ટો ગીતની આબોહવામાં અભિવ્યક્તિ પામે છે.

પ્રથમ ખંડમાં ગીતનો ઉઘાડ આર્કષક હોય છે.ગીતકાર એક કુતુહલ પ્રગટાવે છે.બીજા ખંડ માં ઉદિપ્ત ભાવનો ક્રમિક વિકાસ થાય છે.મુખ્ય ભાવને પૃષ્ટ કરવાની લયાત્મક પ્રયુક્તિ અંતરમાં ખપ લે છે.મુખ્ય ભાવ વધુને વધુ ખુલતો જાય છે અને અંતમાં સચોટ સ્વરૂપે મૂર્ત થાય છે.ભાવ વિકાસ પરાકાસ્થા એ પહોચી સ્થિર સંવેદન સંકલ્પનાના રૂપ માં પરિવર્તન થઇ,અંતર જેવું ગુંજન છોડી, માધુર્ય છોડી મનની સ્થિતિમાં એ વિલીન થઇ જાય છે.અંતનો પ્રભાવ પથારી જાય છે.

લય તત્વ ગીતનું પ્રાણ તત્વ છે.ગીતમાં શબ્દ-અર્થની અંતર્ગત સંગીતનું તત્વ હોય એ સ્વીકાર્ય છે. એની લયાત્મકતા એ જ અગત્યની બની રહે છે.ગીતમાં એક નાનું સંવેદન ઉદઘાટીત થતું હોય છે. એક ભાવ એક ગીતના કેન્દ્રમાં હોય છે.ગીતમાં ભાવ સંવેદનનો ક્રમિક-અક્રમિક વિકાસ થતો હોય છે.એ ભાવ કાં વધુ ને વધુ ખુલતો ખુલતો અંતર દ્વારા પરાકાષ્ઠા સુધી પહોચે અથવા પરાકાષ્ઠા થી

પરિચય કરાવતો કરાવતો એના ભીતરી સૌદર્ય સુધી ભાવક ને દોરી જાય છે.દૃવ પંક્તિ ગીતનું કેન્દ્ર હોય છે.એ કેન્દ્રમાંથી જ ભાવ સંવેદન ના વલયો રચાય છે.અંતરા અને પૂ રક પંક્તિઓ એ ભાવ સંવેદનના વલયો જ છે.

ગીત રચનામાં મુખ્ય ઘટકો ધ્રુવ પંક્તિ,અંતરા,પુરક પંક્તિ,પ્રાસ,લય તથા વિષય નિરૂપણ છે.ગીતની પ્રથમ પંક્તિ કાવ્યના ઝળકતા શિખર તરીકે બહુધા આવે છે.એ પંક્તિ કાવ્યમાં વર્ચસ્વ ધરાવે છે. ગીત કાવ્યનું કેન્દ્ર કે ધ્રુવ પંક્તિને ગીતનો ઉઘાડ પરાકાષ્ઠાથી કરી આપે છે અને પ્રભાવકતા પાથરે છે.જે હુલામણી પંક્તિ છે,તેનું સમગ્ર ગીતમાં માનપાન છે. ગીતની પ્રત્યેક કડીને ધ્રુવ પંક્તિ સાથે અનુસંધાન રાખવું જ પડે છે. ધ્રુવ પંક્તિને કેન્દ્રમાં રાખી ગીતકાર અન્ય પંક્તિઓ ઉપજાવતો હોય છે. ગીતની નસેનસમાં ધ્રુવ પંક્તિનો ભાવ હોય છે.એમ કહીએ કે ધ્રુવ પંક્તિ હૃદય છે.અને બાકીની બધી જ કડિયો એ ગીતની કાયા છે.અન્ય પંક્તિઓ ધ્રુવપદના અર્થ નું અનુસંઘટન છે.કેન્દ્રભાવની પુષ્ટિ અપર્તી કડિયો છે.ગેટના સમગ્ર વિષયને વધારેમાં વધારે અર્થવાહક,ધોતક,ચોટદાર રીતે રજૂ કરી શકે એવી ટૂંકામાં ટૂંકી શબ્દ સૃષ્ટી ઉભી કરાવી એના ઉપર જ ગીતની સફળતાનો આધાર રહેલો છે.

ગીતમાં ધ્રુવપદને ચોક્કસ સ્થાન હોય છે.ગીતમાં ધ્રુવપદની પંક્તિઓનું વૈવિધ્ય હોય છે.ઉઘાડ પંક્તિ એટલે ગીતની પ્રથમ પંક્તિ.જયારે ધ્રુવપદ એટલે ગીતનું મુખ્ય પદ.એનું સ્થાન સમગ્ર ગીતમાં હોય છે. એ પ્રારંભે,મધ્યમાં કે અંત માં કોઈપણ જગ્યા એ આવી શકે છે.ધ્રુવ પંક્તિ પછી ધ્રુવ પંક્તિને પુષ્ટ કરવા પ્રયોજાતું એકમ એટલે અંતરો.ગીતના કેન્દ્ર ભાવને પુષ્ટ કરવાની જે યોજના ગીત સ્વરૂપમાં હોય છે એને અંતરો કહેવામાં આવે છે.ધ્રુવપંક્તિ લય અને પ્રાસને સમાંતર લય અને પ્રાસ લઈને અંતરા પછી આવતી પંક્તિને જ પૂરક પંક્તિ કે સમાંતર પંક્તિ કહે છે.તેમાંથી ગીતના એક ખંડક ને પૂર્ણતા પ્રાપ્ત થાય છે.પંક્તિને અંતે આવતા વર્ણો બીજી પંક્તિને આવતા વર્ણો સાથે જ ધ્વનિ સામ્યતા સાધે તે અનુસાર અંત્યાનુપ્રાસ .શબ્દારંભે આવતો વર્ણ પુન: પુન: આવે ટો વર્ણ સગાઇ.પ્રાસ પણ ગીતના પદ્યીકરણમાં મહત્વનું ઘટક છે.ગીતના બાહ્ય સંવિધાનની વિભિન્ન તરેહમાં તેની કામગીરી પ્રયુક્ત તરેહની આકૃતિ નીપજાવવામાં નિર્ણાયક હોય છે. પરસનું મુખ્ય કામ એ રીતે સંધિ આવર્તનના સાતત્ય પછી ચરણના અંતને વ્યક્ત કરવાનું છે.

ગીતનો શબ્દ ઉદગાર નથી,ઉદગાન છે. ભાવની નાદાત્મક વ્યંજનાત્મક અભિવ્યક્તિ છે.એ શબ્દની ભીતરમાં લય-તાલનો પ્રવાહ હોય છે.ગીતમાં લયના તત્વોના નિયંત્રણ હેઠળ શબ્દ આવતો હોય છે.એ પ્રમાણે પંક્તિનું ચરણો નું અને સમગ્ર ગીતનું સ્વરૂપ બંધાય છે.લાયુંનો વિચાર ગીતના કેન્દ્રમાં રહેલો છે.કવિતાની જેમ ગીત કાવ્યમાં પણ રસ સાધક ભાષા સ્તરો રહેલા છે.

ગીત રચનાઓમાં સંરચના અને અભિવ્યક્તિની દ્રષ્ટી એ મુખ્ય પ્રવર્તક રાગ,ઢાળ કે તેની અંતર્ગત રહેલો લય્ય મહત્વની ભૂમિકા ધરાવે છે. કેટલાંક જાણીતા ગીતને લોક સંગીતનો આધાર સંભવે છે.એમાય દેશીઓ તરીકે ઓળખાતી રચનાઓ પિંગળના અધિકારમાં આવતી હોય એમાં માત્રામેળ લય શોધી આપી શકાય છે.ગુજરાતી લોકગીતની કેટલીક રચનાઓ સ્પષ્ટપણે માત્રમુળી લયમાં બંધાતી જોવા મળે છે."રાગ સંજ્ઞા "રાગ-રાગીની સાથે સંકળાયેલી છે.તેમ છતાં લોકગીતની ગેય રચના માટેનો ઢાળ તે રાગ જ છે.એવું શિથિલ સમીકરણ થવા પામ્યું છે.

પરંપરાગત લોકગીત ચોક્કસ પ્રકારના સંગીતમેળની સાથે જોડાયેલું હોય ચગે.એક રીતે લોક વ્યવહારમાં વણાઈ ગયેલું લોકગીત એના પ્રયોગોમાં જ સાચી રીતે પ્રગટ થાય છે.એની ચોક્કસ અલગ,લહેકો અને સંગીતાત્મક ઉપદ અને ધ્રુવ પંક્તિમાં ગજબનું માધુર્ય પૂરે છે.રાગ,ઢાળ કે લયમાં જે એકમ પ્રવર્તે છે અથવા એમાં જે પંક્તિ સ્વીકારાય છે,તે ગીતની અભિવ્યક્તિ ઉપર સીધો પ્રભાવ પડે છે.

"પ્રત્યેક શબ્દને પણ પોતાનું આગવું સુક્ષ્મ સંગીત હોય છે. એ સંગીત અપૂર્વ લયમાંથી જન્મ પામતું હોય છે. કવિ પ્રતિભા માંથી જન્મેલો શબ્દ માધુર્ય ,પ્રસાદ અને ઓજસ ગુણ ભલે ધરાવતો હોય ,પણ જયારે એ લય સાથે સંલગ્નાય છે ત્યારે જ તે ઉદગાર મટીઉદગાન બને છે.નાદ સૌન્દર્ય નો મહિમા પામે છે.ડૉ.હરિવલ્લભ ભાયાણી લયનો  પ્રચલિત વિભાવ આપણે ત્યાં 'રીધમ' પરથી આવ્યો છે તેમ મને છે. "

રાગને કારણે શબ્દ કે વર્ણ માધુર્ય જન્મે છે.ઘણીવાર કાવ્ય નો અર્થ ખબર ના પડે તો પણ એના ગાન માત્ર થી મુગ્ધ થઇ જવાતું હોય છે.તે રાગનો મહિમા,રાગના પ્રભાવને કારણે ઘણી પંક્તિઓ સહેલાઇથી કંઠ્ય થઇ જતી હોય છે.ઘણીવાર ઘણા ગીત કવિઓ

લોકગીતોના અને મધ્યકાલીન પદોના ઢાળો ને પોતાની સામે રાખીને રચના કરતા હોય છે. આમ,લય, રાગ અને ઢાળ ત્રણેય સંજ્ઞાઓ મૂળ સંગીત સાથે જોડાયેલી છે.પણ ગીતમાં એના તત્વો અંતર્નિહિત હોય છે એ મહત્વનું છે.

સુંદરમના મત પ્રમાણે ગીત,કવિતા અને સંગીતના સહિયારા સીમાડા ઉપર વિકસતો છોડ છે.તેઓ મને છે કે સંગીતની પ્રભાવકતા જયારે ગીતમાં વધી જાય છે ત્યારે ગીતપણું લથડે છે.એની જગ્યા એ શુદ્ધસંગીત હાથમાં આવે છે.ગીતમાં આ તત્વો હોય છે.(૧.)ગીતમાં પોતાના મૂળ તત્વો (૨) સંગેતના મૂળ તત્વો (૩) કવિતાના મૂળ તત્વો. આ ત્રણેય તત્વોના મિશ્રણવાળું પોત રચાય છે ત્યારે ઉત્તમ અભિજાત ગીત હાથ લાગે છે.ગીતકારમાં ગીતના સ્વરૂપની જાણકારી અને સંગીતની સૂઝ-સમાજ હોવી જરૂરી છે.કેવળ સંગીતમાં કાવ્યત્વ કે ગીતત્વ ના હોય ટો પણ ગીત ટકી જાય છે.એટલે કે ત્રણેય ઉણપો માંથી ગીતને સાચવી લેવું જરૂરી છે." ગવાય તે ગીત "એવું પ્રાચીન ગીત લક્ષાન પણ જોવા મળે છે. આપણા લગ્ન ગીતો ,શ્રમજીવી ના ગીતો,ઋતુ ગીતો,યુદ્ધ ગીતો,મીઠા હલકથી ગવાતા સંભળાય છે.એના રાગ-ઢાળની અસર પણ પ્રભાવક હોય છે.

**સંદર્ભ સૂચિ**

૧. લોક ગુર્જરી વાર્ષિક અંક-૭ ,જોરાવરસિંહ જાદવ ,પા.નં .-૪૦
૨. ગુજરાતી લોક સાહિત્ય,પ્રથમ આવૃત્તિ,ડિસે.૧૯૯૧ ,પ્રિયકાંત પરીખ પા.નં. – ૧
૩. મરદાઈ માથા માટે,પ્રવેશક ,જોરાવરસિંહ જાદવ પા.નં.-૧
૪. લોક વાગ્મય (વિભાવના અને વર્ગીકરણ),કનુભાઈ જાની પા.નં.-૨
૫. ગુજરાતી ગીત સ્વરૂપ વિચાર,ડૉ.ભગીરથ બ્રહ્મભટ્ટ પા.નં.-૭૫